અપીલ અરજી નં.૨૭૧ તા.૧૮–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી રમેશચંદ્ર નાનુભાઈ મહેતા

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશચંદ્ર નાનુભાઈ મહેતાની તા.૨૩–૯–૦૯ ની અરજીથી સર્વે નં.૩૧૧/૨ પૈકી ટી.પી. સ્કીમ નં.૩ ફાઈનલ પ્લોટ નં.૧૦૫ વાળી જગ્યા સંયુકત કુટુંબની માલિકીના નામે આજદિન સુધી ચાલે છે. ટેનામેન્ટ નં.૧૫બી–૦૧ –૨૭૧૧–૦–૦૦૧ વાળો પ્લોટ શ્રી ગુણવંતરાય નાનુભાઈ મહેતાએ પોતાના એકલાના નામે કરાવી લીધેલ છે તે કઈ સાલમાં પોતાના નામે કરાવેલ છે? એના પુરાવાઓ રજુ કર્યા હોય તેની નકલની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૭૧/૨૦૦૯–૧૦

શ્રી રમેશચંદ્ર નાનુભાઈ મહેતાની તા.૨૩–૯–૦૯ ની અરજીથી સર્વે નં.૩૧૧/૨ પૈકી ટી.પી. સ્કીમ નં.૩ ફાઈનલ પ્લોટ નં.૧૦૫ વાળ ી જગ્યા સંયુકત કુટુંબની માલિકીના નામે આજદિન સુધી ચાલે છે. ટેનામેન્ટ નં.૧૫બી–૦૧–૨૭૧૧–૦–૦૦૧ વાળો પ્લોટ શ્રી ગુણવંતરાય નાનુભાઈ મહેતાએ પોતાના એકલાના નામે કરાવી લીધેલ છે તે કઈ સાલમાં પોતાના નામે કરાવેલ છે? એના પુરાવાઓ રજુ કર્યા હોય તેની નકલની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનના પત્ર નં. એન.ઝેડ/એ.આર.ડી/૫૯૦ તા.૧૫–૧૦–૦૯ થી આપેલ માહિતીમાં માંગ્યા મુજબ પુરાવા મળેલ ન હોવાનું તથા ઉડાઉ જવાબ આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૩૧ તા.૨૪–૧૧–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. એન.ઝેડ/એઆરડી/૬૮૯ તા.૩–૧૨–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ તથા અરજદારને આપેલ માહિતી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૫૯૦ તા.૧૫–૧૦–૦૯ ના પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી સર્વે નં.૩૧૧/૨ પૈકી ટી.પી. સ્કીમ નં.૩ ફાઈનલ પ્લોટ નં.૧૦૫ વાળી જગ્યા સંયુકત કુટુંબની માલિકીના નામે આજદિન સુધી ચાલે છે. ટેનામેન્ટ નં.૧૫બી–૦૧–૨૭૧૧–૦–૦૦૧ વાળો પ્લોટ શ્રી ગુણવંતરાય નાનુભાઈ મહેતાએ પોતાના એકલાના નામે કરાવી લીધેલ છે તે કઈ સાલમાં પોતાના નામે કરાવેલ છે? એના પુરાવાઓ રજુ કર્યા હોય તેની નકલની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૫૯૦ થી ઉપલબ્ધ દફતર તપાસતાં સને ૧૯૯૧–૯૨ ના આકારણી રજીસ્ટરમાં શ્રી ગુણવંતભાઈ નાનુભાઈ મહેતાનું નામ દફતરે દાખલ હોવાનું માલુમ પડેલ છે પરંતુ તે સંદર્ભે કોઈ માહિતી પુરાવા ઉપલબ્ધ નથી તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૧૮–૧૧–૦૯ ના રોજ માંગ્યા મુજબના પુરાવા મળેલ નથી તેવી રજૂઆત કરી અપીલ અરજી કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ દફતરી રેકર્ડ ઉપર પુરાવા ઉપલબ્ધ નહીં હોવાની માહિતી અરજદારને આપવામાં આવેલ છે. દફતર ઉપલબ્ધ નહીં હોવા અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા દફતરના નાશ કે નિકાલની કોઈ વિગત સમર્થનમાં જણાવેલ નથી. કાયદાની કલમ–૪(૧)(બી) હેઠળ જાહેર સત્તા મંડળ ધરાવતાં કે નિયંત્રણ હેઠળના કક્ષાવાર દફતર વિગતો પ્રસિધ્ધ કરવાની જોગવાઈ વૈધાનિક છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અરજદારે સૂચવેલ નિર્દિષ્ટ કરેલ મિલ્કત ટેના નંબરની રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં દફતર ઉપલબ્ધ નહીં હોવા અંગે તેના નાશ કે નિકાલ કર્યા અંગેની આધારભૂત માહિતી અરજદારને આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા તથા તે ઉપરાં ત અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં બાબત હેઠળની મિલ્કતના સબંધિત દફતરનું ઈન્સ્પેકશન કરી શકે છે. જે માટે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૧૨ – ૦૯

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનન ....જાણ તથા અમલ માટે

(૨) શ્રી રમેશચંદ્ર નાનુભાઈ મહેતા,